PRGI : GJGUJ/25/A4373

દર સોમવારે નિયમિત પ્રસિધ્ધ થતું સાપ્તાહિક અખબાર...

કોઈપણ કિંમત પર સમાચાર...

# સાબર રીપોર્ટર ન્યૂઝપેપર

Weekly સાપ્તાહિક ગુજરાતી

સહતંત્રી : શીતલ ઠાકર । મો.૯૭૨૭૮ ૬૧૩૬૦
તંત્રી : બાદશાહખાન અજબખાન પઠાણ

રજિસ્ટર્ડ સરનામું : ૮૯૨, મુસ્લિમ વિસ્તાર, મુ.પો.ગંભીરપુરા,તા.ઈડર,જી.સાબરકાંઠા-૩૮૩૪૩૦. મો.૯૮૯૮૬૯૩૯૮૫ E-mail : badshahpathan@gmail.com

SABAR REPORTER NEWSPAPER - EDITOR : BADSHAHKHAN AJABKHAN PATHAN - WWW.SABARREPORTERNEWSPAPER.IN

તા.૨૪-૦૮-૨૦૨૬ । અંક નં.૩૪ । પાના : ૪ । વર્ષ : ૧ । કિંમત રૂા.૨ । વાર્ષિક : ૧૦૦ Date : 24-08-2026 I Isseu No. 34 I Page : 4 I Year : 1 I Price : 2 Yearly : Rs. 100

## ખેરોજ પોલીસ સ્ટેશનનું સાબરકાંઠા એસપી પાર્થરાજસિંહ ગોહિલે કર્યું ઇન્સ્પેક્શન



**પોલીસ કામગીરીની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું, ત્યારબાદ ખેરોજ ગામની મુલાકાત લઈ સ્થાનિક પરિસ્થિતિનો તાગ મેળવ્યો :**

સાબરકાંઠા જિલ્લા પોલીસ વડા પાર્થરાજસિંહ ગોહિલ દ્વારા ખેરોજ પોલીસ સ્ટેશનની મુલાકાત લઈ પોલીસ સ્ટેશનની કામગીરીનું ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું. એસપીની મુલાકાત દરમિયાન પોલીસ સ્ટેશનમાં ચાલતી વિવિધ કામગીરી, દફતર વ્યવસ્થા તેમજ પોલીસ દ્વારા કરવામાં આવતી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

એસપી પાર્થરાજસિંહ ગોહિલે ખેરોજ પોલીસ સ્ટેશન ખાતે પહોંચ્યા બાદ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ સાથે જરૂરી ચર્ચા કરી હતી. પોલીસ સ્ટેશનની કામગીરીનું નિરીક્ષણ કરીને કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ નાગરિકોને અસરકારક અને ઝડપી પોલીસ સેવા મળી રહે તે દિશામાં જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મુલાકાત દરમિયાન પોલીસ અધિકારીઓ સાથે વિસ્તારની સુરક્ષા વ્યવસ્થા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. સ્થાનિક સ્તરે ગુનાખોરીને નિયંત્રણમાં રાખવા, સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલિંગ વધારવા તથા લોકો સાથે સતત સંપર્ક જાળવીને પોલીસ અને પ્રજા વચ્ચેનો વિશ્વાસ વધુ મજબૂત બનાવવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

ઈન્સ્પેક્શનની કામગીરી પૂર્ણ કર્યા બાદ એસપી પાર્થરાજસિંહ ગોહિલે ખેરોજ ગામની મુલાકાત પણ લીધી હતી. ગામમાં પહોંચીને સ્થાનિક પરિસ્થિતિ અને જાહેર વ્યવસ્થા અંગે તાગ મેળવ્યો હતો. પોલીસ તંત્ર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા વધુ સુદૃઢ બને અને સામાન્ય નાગરિકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે સ્થળ પરિસ્થિતિની પણ જાણકારી મેળવી હતી.

એસપીની મુલાકાત દરમિયાન પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓમાં પણ ઉત્સાહ જોવા મળ્યો હતો. જિલ્લા પોલીસ વડાની રૂબરૂ મુલાકાતને પગલે સ્થાનિક પોલીસ તંત્ર દ્વારા પોતાની કામગીરી વધુ અસરકારક બનાવવાના પ્રયાસોને વેગ મળવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## ઇડર ટાઉનમાં ટ્રાફિક ડ્રાઇવ અડચણરૂપ પાર્ક કરાયેલા ૨૦થી વધુ વાહનો સામે કાર્યવાહી



ઈડર ટાઉનમાં ટ્રાફિક વ્યવસ્થા સુચારુ બને અને જાહેર માર્ગો પર વાહનચાલકો તથા રાહદારીઓને પડતી મુશ્કેલીઓ દૂર થાય તે હેતુસર આજે ટ્રાફિક ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. ટ્રાફિક પોલીસ દ્વારા શહેરના મુખ્ય માર્ગો અને ભીડભાડવાળા વિસ્તારોમાં અડચણરૂપ રીતે પાર્ક કરાયેલા વાહનો સામે કડક કાર્યવાહી કરવામાં આવી હતી.

ટ્રાફિક ડ્રાઈવ દરમિયાન રસ્તાની બાજુમાં તેમજ જાહેર માર્ગ પર અવ્યવસ્થિત રીતે પાર્ક કરાયેલા ૨૦થી વધુ વાહનો ધ્યાનમાં આવ્યા હતા. આવા વાહનોના કારણે માર્ગ પર વાહનવ્યવહારને અડચણ ઉભી થતી હોવા ઉપરાંત ટ્રાફિક જામની સ્થિતિ સર્જાતી હોવાની ફરિયાદો વચ્ચે પોલીસે સ્થળ પર પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી.

શહેરના મુખ્ય બજાર વિસ્તારોમાં વાહનોની અવરજવર વધુ રહેતી હોવાથી રસ્તા પર ગેરરીતે પાર્કિંગ કરવામાં આવતા વાહનચાલકો અને રાહદારીઓને મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. ખાસ કરીને દુકાનો અને વેપારી વિસ્તારોની સામે વાહનો ઉભા રાખવાથી માર્ગની પહોળાઈ ઘટી જતી હતી અને ટ્રાફિકની ગતિ ધીમી પડતી હતી.

ટ્રાફિક ટીમે ડ્રાઈવ દરમિયાન અડચણરૂપ વાહનો સામે નિયમ મુજબ કાર્યવાહી કરી હતી. વાહનચાલકોને જાહેર માર્ગ પર મનસ્વી રીતે વાહન પાર્ક ન કરવા તથા ટ્રાફિક નિયમોનું પાલન કરવા સૂચના આપવામાં આવી હતી. આગામી દિવસોમાં પણ આવી ટ્રાફિક ડ્રાઈવ ચાલુ રાખવામાં આવશે તેવું પોલીસ તરફથી જણાવાયું છે.

**શહેરમાં ટ્રાફિક શિસ્ત જળવાય તે માટે પોલીસની કાર્યવાહી આવકારદાયક**

ઈડર શહેરમાં સતત વધતા વાહનવ્યવહાર વચ્ચે પાર્કિંગની સમસ્યા પણ ગંભીર બની રહી છે. જાહેર માર્ગો પર વાહનો આડેધડ પાર્ક કરવાથી ટ્રાફિક વ્યવસ્થાને અસર થતી હોવાથી નિયમિત ટ્રાફિક ચેકિંગ અને કાર્યવાહી જરૂરી બની છે. આજની કાર્યવાહીથી વાહનચાલકોમાં પણ ટ્રાફિક નિયમો અંગે જાગૃતિ આવે અને જાહેર માર્ગો પર વ્યવસ્થિત પાર્કિંગ થાય તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## હિંમતનગર શહેર કોંગ્રેસ સમિતિનું નગરપાલિકા સામે આંદોલન

## બોગસ બેંક ગેરંટી અને ગટર સમસ્યા મુદ્દે તંત્રને પત્ર

હિંમતનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ મનોજ જી. બારોટના નેતૃત્વમાં કોંગ્રેસ કાર્યકરોએ આજે હિંમતનગર નગરપાલિકા કચેરી ખાતે વિરોધ પ્રદર્શન યોજી, ચીફ ઓફિસર અને પ્રમુખશ્રીને બે અલગ-અલગ મુદ્દે લેખિત રજૂઆત સુપરત કરી હતી. કાર્યકરોએ હાથમાં પ્લેકાર્ડ સાથે નગરપાલિકા સામે સૂત્રોચ્ચાર કરી જવાબદારોને બચાવવાનું બંધ કરી FIR દાખલ કરવાની માંગ કરી હતી.

**બોગસ બેંક ગેરંટી કૌભાંડ મુદ્દે FIRની માંગ**

રજૂઆતમાં જણાવાયું છે કે નગરપાલિકાની ટેન્ડર પ્રક્રિયામાં ઉમા એજન્સી દ્વારા રજૂ કરાયેલી બેંક ગેરંટી બોગસ અને બનાવટી હોવાની ગંભીર બાબત સામે આવી છે. જો સત્તાવાર તપાસમાં આ ગેરંટી ખોટી સાબિત થાય તો તે નગરપાલિકાની ટેન્ડર પ્રક્રિયા અને જાહેર નાણાંની સુરક્ષા સાથે સંકળાયેલો ગંભીર મામલો બની શકે છે. કોંગ્રેસ સમિતિએ માંગ કરી છે કે બેંક ગેરંટીની બેંક પાસેથી સત્તાવાર ચકાસણી કરાવવામાં આવે, ગેરંટી બોગસ સાબિત થાય તો સંબંધિત એજન્સી અને વ્યક્તિઓ સામે તાત્કાલિક FIR નોંધાય, તેમજ ટેન્ડર પ્રક્રિયામાં સંડોવાયેલા જવાબદાર અધિકારીઓ/પદાધિકારીઓની ભૂમિકાની પણ નિષ્પક્ષ તપાસ થાય. બેદરકારી કે ગેરરીતિ સાબિત થાય તેમની સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ પણ કરવામાં આવી છે.

**વોર્ડ નં. ૩માં ગટર સમસ્યા મુદ્દે તાત્કાલિક નિરાકરણની ની માંગ**

બીજી રજૂઆતમાં વોર્ડ નં. ૩માં વારંવાર ઉભરાતી ગટર લાઈન અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરાઈ છે. ગટરનું ગંદુ પાણી રસ્તાઓ પર ફરી વળતાં સ્થાનિક રહીશો રોગચાળાના ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા હોવાનું જણાવાયું છે.

# સાબરકાંઠામાં નવજાત બાળકીના વેચાણનું રેકેટ ઝડપાયું

## ચાર આરોપી ઝડપાયા, અત્યાર સુધીમાં ૧૨ બાળકોના વેચાણની ચોંકાવનારી કબૂલાત



હિંમતનગર/સાબરકાંઠા: સાબરકાંઠા જિલ્લાની એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ (AHTU) અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG)એ સંયુક્ત કાર્યવાહી કરી નવજાત બાળકોના ખરીદ-વેચાણ સાથે સંકળાયેલા માનવ તસ્કરીના એક મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે. આ કાર્યવાહીમાં પોલીસે એક નવજાત બાળકીના વેચાણ માટે લઈ જવાઈ રહેલા ચાર આરોપીઓને રંગેહાથ ઝડપી પાડ્યા છે, જ્યારે એક મહિલા આરોપી સહિત અન્ય શખસો હજુ ફરાર છે. પૂછપરછમાં આરોપીઓએ અત્યાર સુધીમાં કુલ ૧૨ બાળકોના વેચાણની ચોંકાવનારી કબૂલાત કરી છે, જેના પગલે સમગ્ર જિલ્લામાં ખળભળાટ મચી ગયો છે.

કેવી રીતે ઝડપાયું રેકેટ

નાયબ પોલીસ મહાનિરીક્ષક વિરેન્દ્રસિંહ યાદવ તથા પોલીસ અધિક્ષક ડૉ. પાર્થરાજસિંહ ગોહિલના માર્ગદર્શન અને સૂચના હેઠળ છઉૅના ઇન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એ.એમ. વાળાના નેતૃત્વમાં ટીમ જિલ્લામાં પેટ્રોલિંગ કરી રહી હતી. આ દરમિયાન હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશન વિસ્તારના રાજપુર ગામ નજીક મળેલી બાતમીના આધારે પોલીસે એક સફેદ રંગની ઈકો ગાડી (નં. GJ-27-TT-7650)ને રોકી તપાસ કરી. તપાસ દરમિયાન ગાડીમાંથી એક નવજાત બાળકી તથા આરોપીઓ મળી આવતાં પોલીસના પગ તળેથી જમીન ખસી ગઈ.

પ્રાથમિક પૂછપરછમાં આરોપીઓએ કબૂલ્યું કે તેઓ આ બાળકીને વેચાણ માટે લઈ જઈ રહ્યા હતા. પોલીસે તાત્કાલિક તમામને પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનને સોંપ્યા. બચાવાયેલી બાળકી હાલ હોસ્પિટલમાં તબીબોની દેખરેખ હેઠળ સારવાર લઈ રહી છે.

૧૨ બાળકોના વેચાણની કબૂલાત

આ પ્રકરણમાં વધુ ઊંડાણપૂર્વક પૂછપરછ કરવામાં આવતાં આરોપીઓએ સંયુક્ત રીતે અત્યાર સુધીમાં કુલ ૧૨ બાળકોના વેચાણની ચોંકાવનારી કબૂલાત કરી છે, જેના પરથી સ્પષ્ટ થાય છે કે આ કોઈ એકલદોકલ ઘટના નહીં પરંતુ સંગઠિત રીતે ચાલતું મોટું રેકેટ હતું. ટેકનિકલ સર્વેલન્સ તથા હ્યુમન સોર્સ મારફતે મળેલી બાતમીના આધારે પોલીસે આ સમગ્ર નેટવર્કને ઉજાગર કરવામાં સફળતા મેળવી છે.

અટકાયત કરાયેલા અને ફરાર આરોપીઓ

પોલીસ તપાસમાં બહાર આવેલી માહિતી મુજબ આરોપીઓની ભૂમિકા નીચે મુજબ છે:

દેવીલાલ ગુજરાભાઈ ગમાર (રહે. બોરડી, કોટડા, જિ. ઉદેપુર, રાજસ્થાન) – રેકેટનો મુખ્ય દલાલ, કમિશન પેટે નાણાં મેળવનાર (અટકાયત)

સીતારામ કેવડાજી પરમાર (રહે. ઢેઢમારીયા, તા. કોટડા, જિ. ઉદેપુર, રાજસ્થાન) – મુખ્ય દલાલ, મુંબઈ ખાતે બાળકોનું વેચાણ કરનાર (ફરાર)

કવીતાબેન વા/ઓ પ્રતાપ જાદવ (રહે. ડોંબીવલી ઈસ્ટ, મુંબઈ) – ટ્રાફિકિંગ એજન્ટ, બાળક ખરીદનાર (ફરાર)

પ્રવીણભાઈ ધ્રાગી (રહે. પેડચોલી, અમીરગઢ, બનાસકાંઠા) – સબ એજન્ટ (અટકાયત)

દિનેશભાઈ ધ્રાગી (રહે. પેડચોલી, અમીરગઢ, બનાસકાંઠા) – સબ એજન્ટ, માતા-પિતા પાસેથી બાળક મેળવી ડીલ કરનાર (અટકાયત)

પોપટભાઈ ગમાર (રહે. પટારાફળો, પોશીના, સાબરકાંઠા) – બાળકીના પિતા (અટકાયત)

બબીબેન (રહે. પટારાફળો, પોશીના, સાબરકાંઠા) – બાળકીની માતા

પોલીસ તપાસ મુજબ, દેવીલાલ ગમાર અને સીતારામ પરમાર મુખ્ય દલાલ તરીકે કામ કરતા હતા અને કમિશન પેટે નાણાં મેળવી મુંબઈ ખાતે બાળકોનું વેચાણ કરતા હતા. તેમની સાથે સંકળાયેલી કવીતાબેન બાળકો મેળવીને ટ્રાફિકિંગ એજન્ટ તરીકે કામ કરતી હતી અને નુરી હારૂન શેખ મારફતે નગાપ ઉર્ફે મુન્નો (રહે. મેરઠ, કોલ્હાપુર) જેવા આરોપીઓને બાળકોનું વેચાણ કરાવતી હતી. જ્યારે પ્રવીણભાઈ અને દિનેશભાઈ ધ્રાગી સ્થાનિક કક્ષાએ સબ એજન્ટ તરીકે કામ કામ કરી ગરીબ અને લાચાર માતા-પિતા પાસેથી બાળકો મેળવવાનું કામ કરતા હતા.

અગાઉ પણ ઝડપાયા હતા ત્રણ આરોપી

નોંધનીય છે કે આ જ કેસમાં અગાઉ પણ AHTU અને SOG સાબરકાંઠાએ સંયુક્ત કાર્યવાહી કરી ત્રણ આરોપીઓની ધરપકડ કરી હતી, જેમાં બે આરોપીઓ મુંબઈ, મહારાષ્ટ્રથી અને એક આરોપી બનાસકાંઠા જિલ્લાના દાંતા વિસ્તારમાંથી ઝડપાયો હતો. તે આરોપીઓને નામદાર કોર્ટમાં રજૂ કરવામાં આવતાં કોર્ટે ૧૧ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા હતા, જે તપાસ હાલ ચાલુ છે.

તપાસ હજુ ચાલુ, ફરાર આરોપીઓની શોધખોળ શરૂ

પોલીસે સ્પષ્ટતા કરી છે કે આ સમગ્ર રેકેટમાં સંકળાયેલા તમામ કડીઓ સુધી પહોંચવા માટે ઊંડાણપૂર્વકની તપાસ ચાલુ છે. ફરાર આરોપીઓ સીતારામ પરમાર અને કવીતાબેનની શોધખોળ માટે વિવિધ ટીમો બનાવવામાં આવી છે. પોલીસને આશંકા છે કે આ નેટવર્ક રાજસ્થાન, ગુજરાત અને મહારાષ્ટ્ર એમ ત્રણ રાજ્યોમાં ફેલાયેલું છે અને હજુ વધુ બાળકોના વેચાણની વિગતો બહાર આવી શકે છે.

કામગીરીમાં સહભાગી પોલીસ સ્ટાફ

આ સફળ કામગીરીમાં AHTU અને SOG સાબરકાંઠાના HC અશોકકુમાર, WHC સુમનબેન, WHC દક્ષાબેન, HC વિક્રમસિંહ પરમાર, HC વિક્રમસિંહ સોલંકી, HC રાજેશભાઈ, HC પ્રકાશભાઈ, PC અનિરુધ્ધસિંહ, PC હસમુખભાઈ, PC જીગરકુમાર, ASI અનિરુધ્ધસિંહ, ASI ધર્મેન્દ્રસિંહ, HC હરપાલસિંહ, HC મનુભાઈ, PC ક્લ્પેશકુમાર, PC દિપકસિંહ, PC કરણસિંહ, PC અતુલસિંહ, PC ગોપાલભાઈ અને PC ઝાહિદહુસેનનો મહત્વપૂર્ણ સહયોગ રહ્યો હતો.

પોલીસ વડાઓએ જિલ્લાની જનતાને અપીલ કરી છે કે જો કોઈને પણ આવા બાળ તસ્કરીના રેકેટ અંગે માહિતી મળે તો તાત્કાલિક પોલીસનો સંપર્ક કરે, જેથી આવા ગંભીર ગુનાઓ પર અંકુશ મેળવી શકાય અને નિર્દોષ બાળકોના જીવ બચાવી શકાય.

●

# હિંમતનગર શહેર કોંગ્રેસ દ્વારા સ્વ. રાજીવ ગાંધીની જન્મજયંતી ઉજવાઈ

સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ કાર્યાલય, મોતીપુરા ખાતે આધુનિક ભારતના સ્વપ્નદ્રષ્ટા, દેશના પૂર્વ પ્રધાનમંત્રી તથા 'ભારત રત્ન' સ્વ. શ્રી રાજીવ ગાંધીની જન્મજયંતી (સદ્ભાવના દિવસ) નિમિત્તે શ્રદ્ધાંજલિ અને ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો.

હિંમતનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ઉપસ્થિત હોદ્દેદારો, આગેવાનો અને કાર્યકર્તાઓએ સ્વ. રાજીવ ગાંધીની તસવીર સમક્ષ પુષ્પાંજલિ અર્પણ કરી તેમના દેશપ્રતિના પ્રદાનને ભાવપૂર્વક યાદ કર્યું હતું.

આ પ્રસંગે વક્તાઓએ જણાવ્યું હતું કે, સ્વ. રાજીવ ગાંધી ભારતમાં આઈ.ટી. અને ટેલિકોમ ક્રાંતિના પ્રણેતા હતા. તેમણે ૧૮ વર્ષની વયે મતાધિકાર આપી યુવાનોને લોકશાહી પ્રક્રિયામાં સક્રિય ભાગીદાર બનાવ્યા હતા, તેમજ પંચાયતી રાજ વ્યવસ્થાને બંધારણીય મજબૂતી આપી સત્તાનું વિકેન્દ્રીકરણ કર્યું હતું.

આ ઉજવણી કાર્યક્રમમાં સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ તેમજ હિંમતનગર શહેર કોંગ્રેસના વિવિધ સેલના વરિષ્ઠ હોદ્દેદારો, કાર્યકરો અને સ્થાનિક નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

— કુમાર એમ. ભાટ, મીડિયા કન્વીનર, સાબરકાંઠા મીડિયા સેલ

●

Owner, Publisher, Editor & Printer : Badshahkhan Ajabkhan Pathan, 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka : Idar, District : Sabarkantha, Gujarat - 383430. Name & Address of Printing Press Print Magic Graphics Milkat No. 2567, Gambhirpura, Taluka : Idar, District : Sabarkantha, Gujarat 383430. Place & Publication 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka : Idar, District : Sabarkantha, Gujarat - 383430.

# રાષ્ટ્રધ્વજના અપમાનનો મુદ્દો ગરમાયો




૧૫મી ઓગસ્ટના રોજ નગરપાલિકા દ્વારા બજારના મુખ્ય માર્ગો પર ઉત્સવના ભાગરૂપે નાગરિકોને રાષ્ટ્રધ્વજ અર્પણ કરવામાં આવ્યા હતા. જોકે નિયમ મુજબ રાષ્ટ્રધ્વજ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી જ ફરકાવવો જોઈએ અને ક્ષતિગ્રસ્ત થાય તો સન્માનપૂર્વક તેનો નાશ કરવો જરૂરી છે. પરંતુ સામાન્ય નાગરિકોને આ અંગે પૂરતી જાણકારી ન હોવાથી કેટલાય સ્થળોએ ધ્વજ ફાટી ગયેલા, લટકી ગયેલા અને જાહેર માર્ગો પર જમીનના સંપર્કમાં આવેલા જોવા મળ્યા હતા.

આ ઉપરાંત ખેડબ્રહ્મા પ્રશાસન દ્વારા બજારમાં વીજ પોલ પર તિરંગાને આડો બાંધીને લગાવવામાં આવ્યો હોવાનું પણ ધ્યાને આવ્યું છે, જે રાષ્ટ્રીય ગૌરવ અપમાન નિવારણ અધિનિયમ, ૧૯૭૧ની કલમ ૨ હેઠળ શિક્ષાપાત્ર ગુનો ગણાય છે અને આ કાયદાના ભંગ બદલ ૩ વર્ષ સુધીની જેલની સજા અથવા દંડની જોગવાઈ છે. આ ગંભીર બાબતને લઈને ખેડબ્રહ્મા શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત શર્માએ પ્રાંત કલેક્ટર, સેવાસદન, ખેડબ્રહ્માને લેખિત પત્ર પાઠવ્યો છે. પત્રમાં તેમણે માંગ કરી છે કે ક્ષતિગ્રસ્ત રાષ્ટ્રધ્વજોને તાત્કાલિક સન્માનપૂર્વક ઉતારી લેવામાં આવે અને યોગ્ય પગલાં લેવામાં આવે. તેમણે એવી પણ રજૂઆત કરી છે કે રિક્ષા (લાઉડસ્પીકર) ફેરવીને લોકોમાં રાષ્ટ્રધ્વજના સન્માન અંગે જાગૃતિ લાવવાના પ્રયાસો કરવામાં આવે.

આ પત્રની નકલ મામલતદારશ્રી, સેવાસદન ખેડબ્રહ્મા તથા ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા ખેડબ્રહ્માને પણ મોકલવામાં આવી છે. હવે પ્રશાસન આ મામલે શું પગલાં લે છે તેના પર સૌની નજર છે. ●

# હિંમતનગરમાં રેડ ક્રોસના નવીન ભવનનું ભૂમિપૂજન

દાતાઓ દ્વારા લાખો રૂપિયાના દાનની જાહેરાત : ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી સાબરકાંઠાની હિંમતનગર શાખા દ્વારા ગુરુવારે લક્ષ્મીપુરા કંપા (એરોડ્રામ) નજીક નવીન રેડ ક્રોસ ભવનનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. દાતા અભય શાહ, દક્ષેશ શાહ, ધારાસભ્ય વી.ડી. ઝાલા, પાલિકા પ્રમુખ અરુણાબેન કડિયા, જિલ્લા કલેક્ટર લલિત નારાયણસિંહ સાંદુ, આઈએમએ પ્રમુખ કલેશ પ્રજાપતિ, સી.સી. શેઠ, મહેશ પટેલ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં શાસ્ત્રોક્ત વિધિ સાથે ભૂમિપૂજન કરાયું હતું.

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા વર્ષોથી સાબરકાંઠા જિલ્લામાં રક્તદાન, બ્લડ બેંક, પેથોલોજી લેબોરેટરી, ફિઝિયોથેરાપી, ડેન્ટલ સેવા, એક્સ-રે, મેડિકલ સ્ટોર, રસીકરણ, એમ્બ્યુલન્સ સેવા અને મોબાઈલ મેડિકલ યુનિટ સહિતની વિવિધ માનવતાવાદી તથા આરોગ્યલક્ષી સેવાઓ આપવામાં આવી રહી છે. નવીન ભવનનું નિર્માણ પૂર્ણ થયા બાદ આ સેવાઓને વધુ વિસ્તારી શકાશે.

આ પ્રસંગે રાકેશ મથુરભાઈ શાહ દ્વારા રૂ.૫૫ લાખનું દાન આપવાની જાહેરાત કરવામાં આવી હતી. ઉપરાંત કાંતિભાઈ શાહ દ્વારા રૂ.૧૧ લાખ, નાનુભાઈ પટેલ દ્વારા રૂ.૨.૫૧ લાખ, મુલતાજભાઈ ખણુંસિયા દ્વારા રૂ.૨.૫૧ લાખ, નિજામ ભૂરાવાલા દ્વારા બ્લડ સેમ્પલ કલેક્શન સર્વિસ માટે બે ઈલેક્ટ્રિક સાધનોની ખરીદી અર્થે રૂ.૨.૪૦ લાખ, રંજનબેન જશવંતલાલ શાહ દ્વારા રૂ.૨ લાખ, મંદબુદ્ધિની સંસ્થા દ્વારા રૂ.૧.૫૦ લાખ, વિઠ્ઠલભાઈ ગણપતભાઈ પટેલ દ્વારા રૂ.૫૧ હજાર, જયમાલ ફટ્ટા દ્વારા રૂ.૫૧ હજાર તથા હરિયાણા દાળબાટી દ્વારા રૂ.૨૧ હજારનું દાન જાહેર કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ડૉ. ચીમનભાઈ પટેલ, રેડ ક્રોસના ભુપેન્દ્ર શાહ, વી.એ. ગોપલાણી, જીતુ પટેલ, પીયૂષ દવે, સતિષ શાહ, હરેશ વ્યાસ, વિપુલ સાંખલા, સજ્જનસિંહ જેતાવત, રમેશ શાહ સહિત હોદ્દેદારો, સભ્યો, દાતાઓ અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ●

### સાબરકાંઠા લોકલ ક્રાઈમ બ્રાન્ચની મોટી કામગીરી

# રાજસ્થાનના ઈનામી બીજુડા ગેંગના બે આરોપી ઝડપાયા

ગુજરાત અને રાજસ્થાન રાજ્યમાં લૂંટ, ચેઈન સ્નેચિંગ, ધાડ, ઘરફોડ તથા વાહનચોરી જેવા ગુન્હાઓ આચરી તેમજ રાજસ્થાન પોલીસ ઉપર હુમલો કરી તરખાટ મચાવનાર કુખ્યાત ×બીજુડા ગેંગ×ના બે ઈનામી આરોપીઓને સાબરકાંઠા લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યા છે. આરોપીઓ પાસેથી બે મોટર સાયકલ કિંમત રૂ. ૪૫,૦૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે તથા વાહનચોરીના કુલ-૩ ગુન્હા ડિટેક્ટ કરવામાં આવ્યા છે.

કેવી રીતે થઈ કામગીરી

નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી વિરેન્દ્રસિંહ યાદવ (IPS), ગાંધીનગર વિભાગ તથા પોલીસ અધિક્ષકશ્રી ડો. પાર્થરાજસિંહ ગોહીલ (IPS), સાબરકાંઠાના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં આર્મ્સ એક્ટ, લૂંટ, ધાડ, ઘરફોડ તથા વાહનચોરીના બનાવો અટકાવવા સૂચના અપાયેલ. આ આધારે શ્રી ડી.સી. સાકરીયા, પો.ઈન્સ. એલ.સી.બી.એ રાજસ્થાન-ગુજરાતમાં મિલકત સંબંધી ગુન્હા આચરતી બીજુડા ગેંગના સક્રિય આરોપીઓ (૧) પપ્પુ ઉર્ફે ભુપેન્દ્ર કાઉઆ કાવા ઢોહા (મીણા) અને (૨) ગણેશ બચુ ઢોહા, બંને રહે. બીજુડા, જિ. ડુંગરપુર (રાજસ્થાન) અંગે તપાસ શરૂ કરાવી હતી.

ઉદેપુર જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી દ્વારા આરોપી પપ્પુ ઉર્ફે ભુપેન્દ્ર માટે તા. ૦૨/૦૪/૨૦૨૬ના રોજ રૂ. ૫૦૦૦/-નું રોકડ ઈનામ જાહેર કરાયેલ હતું. શ્રી આર.જે. જાડેજા, પો.સ.ઈ. એલ.સી.બી.ની ટીમ ટેકનિકલ સર્વેલન્સ તથા હ્યુમન સોર્સિસના આધારે તપાસમાં કાર્યરત હતી.

બાતમીના આધારે ધરપકડ

હે.કો. નિરીલકુમાર, હે.કો. જીજ્ઞેશકુમાર તથા પો.કો. કિર્તિરાજસિંહને બાતમી મળી કે રાજસ્થાનના બીછીવાડા પોલીસ સ્ટેશનની પોલીસ ઉપર પથ્થરમારો કરી ધાડ/લૂંટ કરી ભાગેલ બંને આરોપીઓ શંકાસ્પદ મોટર સાયકલ લઈ ઈડરથી હિંમતનગર બાજુ આવી રહ્યા છે. આ બાતમીના આધારે ધાણધા સરકારી નર્સરી પાસે વોચ ગોઠવાઈ હતી. બંને ઈસમો મોટર સાયકલ લઈ આવતાં કોર્ડન કરી પકડી પૂછપરછ કરાતાં તેમણે હિંમતનગર તથા ભીલોડાથી મોટર સાયકલ ચોરી કરેલ હોવાની અને રિપેરિંગ કરાવવા લાવ્યા હોવાની કબૂલાત આપી હતી.

કબ્જે મુદ્દામાલ

| ક્રમ | વર્ણન | કિંમત |
|---|---|---|
| ૧ | લાલ કલરની હોન્ડા શાઈન (GJ31F2429) | ૨૦,૦૦૦/- |
| ૨ | કિરો હોન્ડા ડીલક્સ (GJ 09 AK 0499) | ૨૫,૦૦૦/- |
| | કુલ મુદ્દામાલ | ૪૫,૦૦૦/- |

બંને આરોપીઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ ૧૦૬ મુજબ કબ્જે કરી, હિંમતનગર બી-ડિવિઝન પોલીસ સ્ટેશને ભારતીય ન્યાય સંહિતા કલમ ૩૦૩(૨) મુજબ ગુન્હો દાખલ કરી કલમ ૩૫(૧)(ઈ) મુજબ અટક કરવામાં આવી છે અને વધુ તપાસ સોંપાઈ છે.

આરોપીઓ સામે અગાઉના ગુન્હા

આરોપી પપ્પુ ઉર્ફે ભુપેન્દ્ર સામે ગુજરાત-રાજસ્થાનમાં અગાઉના ૧૯ જેટલા ગુન્હા નોંધાયેલા છે, જ્યારે ગણેશ ઉર્ફે ગણા સામે ૨૯ જેટલા ગુન્હાનો ઈતિહાસ છે — જેમાં લૂંટ, ધાડ, ચેઈન સ્નેચિંગ, ઘરફોડ તથા વાહનચોરીના બનાવોનો સમાવેશ થાય છે.

કામગીરીમાં સામેલ સ્ટાફ

આ કામગીરીમાં શ્રી ડી.સી. સાકરીયા (પો.ઈન્સ.), શ્રી આર.જે. જાડેજા (પો.સ.ઈ.), એ.એસ.આઈ. દેવસિંહ અમરસિંહ, હે.કો. જીગ્નેશકુમાર સુરેશભાઈ, હે.કોન્સ. નિરીલકુમાર મોજીસભાઈ, પો.કો. કિર્તિરાજસિંહ કિરીટસિંહ, હે.કો. દેવરાજભાઈ ખીમજીભાઈ, પો.કો. નિલેશકુમાર બાબુભાઈ સહિતના અધિકારીઓ-કર્મચારીઓનો સહયોગ રહ્યો હતો. ●

# ઈડર નાગરિક બેંક ચૂંટણી મહિલા ઉમેદવારની મનાઈ અરજી ફગાવતી કોર્ટ ૨૩ ઓગસ્ટે યોજાશે મતદાન

ઈડર નાગરિક સહકારી બેંકની બોર્ડ ઓફ ડિરેક્ટરની ચૂંટણીને લઈને ગરમાયેલા રાજકારણ વચ્ચે એક મહત્વના કાનૂની સમાચાર સામે આવ્યા છે. ચૂંટણી અધિકારી દ્વારા ઉમેદવારી પત્ર રદ કરાતાં કોર્ટના દ્વાર ખખડાવનાર મહિલા ઉમેદવારને મોટો આંચકો લાગ્યો છે. મહેસાણા નોમિનીઝ કોર્ટે મહિલા ઉમેદવારની કામચલાઉ મનાઈ હુકમ (સ્ટે) મેળવવાની અરજી નામંજૂર કરી દીધી છે.

શું હતો સમગ્ર વિવાદ?

ઈડર નાગરિક સહકારી બેંકની ચૂંટણીમાં કુલ ૪૩ ઉમેદવારી પત્રો ભરાયાં હતાં. ચકાસણી પ્રક્રિયાના અંતે ૨૦ ઉમેદવારોના ફોર્મ માન્ય ઠર્યા હતા અને તેમણે પ્રચારકાર્ય શરૂ કરી દીધું છે. બીજી તરફ, ઉમેદવાર મનીષાબેન જીગ્નેશભાઈ પંડ્યાનું ઉમેદવારી ફોર્મ ચૂંટણી અધિકારી દ્વારા રદ કરવામાં આવ્યું હતું.

ફોર્મ રદ થતાં મનીષાબેન પંડ્યાએ મહેસાણાની બોર્ડ ઓફ નોમિનીઝ કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. તેમણે આક્ષેપ કર્યો હતો કેઃ

તેમનું ફોર્મ કોઈ યોગ્ય કારણ વગર અને પૂર્વગ્રહ રાખીને રદ કરવામાં આવ્યું છે.

તેમના પતિએ એક ખાનગી ફાઈનાન્સ કંપની પાસેથી લીધેલી લોન અંગે કંપની સાથે વિવાદ/તકરાર ચાલી રહી હોવાનું દર્શાવીને ફોર્મ રદ કરાયું હતું.

ચૂંટણી અધિકારીએ તેમને આ મામલે યોગ્ય રજૂઆત કરવાનો પૂરતો સમય કે તક આપી ન હતી.

આ આક્ષેપો સાથે તેમણે બેંકની ચૂંટણી પ્રક્રિયા પર કામચલાઉ મનાઈ હુકમ (Stay Order) માંગ્યો હતો.

કોર્ટનો ચુકાદો

કેસની સુનાવણી દરમિયાન બોર્ડ ઓફ નોમિનીઝ સમક્ષ બંને પક્ષો દ્વારા તીખી દલીલો કરવામાં આવી હતી અને જરૂરી દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરાયા હતા. બંને પક્ષોને સાંભળ્યા બાદ, નોમિનીઝ કોર્ટે મનીષાબેન પંડ્યાની ચૂંટણી રોકવા માટેની મનાઈ અરજીને ફગાવી દીધી છે.

કોર્ટના આ નિર્ણય બાદ હવે તા. ૨૩ ઓગસ્ટે યોજાનાર ઈડર નાગરિક સહકારી બેંકની બોર્ડ ઓફ ડિરેક્ટરની ચૂંટણી નિયત સમયપત્રક મુજબ જ યોજાશે. •

# ઇડર પોલીસ સ્ટેશન વિસ્તારમાં જુગાર રમતા પાંચ ઝડપાયા, રૂ.૧૩,૮૨૦નો મુદ્દામાલ કબજે

## બારેલા તળાવ પાસે પત્તાના જુગારનો પર્દાફાશ, એક આરોપી ફરાર

ઇડર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસે પ્રોહિબિશન વોચ અને પેટ્રોલિંગ દરમિયાન પત્તાના હાર-જીતના જુગારનો ભાંડાફોડ કરી પાંચ ઇસમોની ધરપકડ કરી છે, જ્યારે એક આરોપી ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો.

નાયબ પોલીસ મહાનિરીક્ષક વિરેન્દ્રસિંહ યાદવ (ગાંધીનગર રેન્જ) અને પોલીસ અધિક્ષક ડો. પાર્થરાજસિંહ ગોહિલ (સાબરકાંઠા-હિંમતનગર) તથા નાયબ પોલીસ અધિક્ષક સ્મિત ગોહિલ ઇડર વિભાગ)ના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેક્ટર આર.એ.ચૌધરીના નેતૃત્વમાં ટીમે આ કામગીરી પાર પાડી હતી.

પોલીસને બાતમી મળી હતી કે ઇડર ખાતે બારેલા તળાવ પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક ઇસમો પૈસાના હાર-જીતનો જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસ ટીમે પંચો સાથે ઘટનાસ્થળે દરોડો પાડી કુંડાળું વાળીને ગંજીપાનાથી જુગાર રમી રહેલા ઇસમોને રંગેહાથ ઝડપી પાડ્યા હતા.

ઝડપાયેલ મુદ્દામાલ

દરોડા દરમિયાન જુગારના દાવ પરની જુદી જુદી ચલણી નોટો મળી કુલ રૂ.૧૩,૮૨૦, ગંજીપાનાના ૧૦૪ નંગ તથા પાથરણું મળી કુલ રૂ.૧૩,૮૨૦ કિંમતનો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો હતો.

ઝડપાયેલા આરોપીઓઃ

૧. પપ્પુભાઇ રોમાભાઇ વણઝારા (ઉ.વ.૨૮, ભાટીયામીલ, તા.ઇડર)

૨. રોહિતકુમાર રમેશભાઇ મારવાડી (ઉ.વ.૨૦, ભાટીયામીલ, તા.ઇડર)

૩. અર્જુનભાઇ ધીરાભાઇ ગવારીયા (ઉ.વ.૨૮, ગંભીરપુરા, તા.ઇડર)

૪. રવિભાઇ કાળુભાઇ વણઝારા (ઉ.વ.૨૨, બારેલા તળાવ, તા.ઇડર)

૫. અલ્પેશભાઇ અમરતભાઇ ભીલ (ઉ.વ.૩૬, ભીલવાસ, તા.ઇડર)

ફરાર આરોપીઃ રાજુભાઇ બાબુભાઇ ભગોરા (ભાટીયામીલ, બારેલા તળાવ, તા.ઇડર) — જેની શોધખોળ પોલીસ કરી રહી છે.

આ તમામ આરોપીઓ વિરુદ્ધ ઇડર પોલીસ સ્ટેશન ખાતે જુગાર ધારાની કલમ-૧૨ મુજબ ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

કામગીરી કરનાર ટીમઃ પોલીસ ઇન્સ્પેક્ટર આર.એ.ચૌધરી, પોલીસ સબ ઇન્સ્પેક્ટર ડી.એસ.રાઓલ સહિત સ્ટાફના જયદીપસિંહ નરેન્દ્રસિંહ, હરેન્દ્રસિંહ જીતેન્દ્રસિંહ, જયરાજસિંહ કેશરીસિંહ, અજયસિંહ પ્રહલાદસિંહ, હાર્દિકકુમાર લાલજીભાઇ અને જયેશકુમાર રઘુભાઇનો સમાવેશ થાય છે. •

# સાબરકાંઠા કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ



સાબરકાંઠા જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક જિલ્લા કલેક્ટરશ્રી લલિત નારાયણ સિંઘ સાંદુના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી, હિંમતનગર ખાતે યોજાઇ હતી. આ બેઠકમાં પ્રજાલક્ષી પ્રશ્નોના ઝડપી અને સંતોષકારક ઉકેલ માટે કલેક્ટરશ્રીએ ઉપસ્થિત તમામ અધિકારીઓને ખંતથી અને જવાબદારીપૂર્વક કામ કરવા ખાસ જણાવ્યું હતું.

આ બેઠકમાં ધારાસભ્ય શ્રી વી. ડી. ઝાલાએ હિંમતનગર અને આસપાસના વિસ્તારોના પ્રશ્નો રજૂ કર્યા હતા. જન્મ મરણના દાખલા, બ્રીજ કામગીરી, મોતીપુરા ત્રણ રસ્તાથી ખેડ તસિયા રોડનું આઈકોનિક રોડ બાબત, કાંકણોલ થી સહકારી જીન રોડ, હિંમતનગર તાલુકામાં માધ્યમિક શાળાઓની જમીન-મકાન અંગે પ્રશ્ન, ઈલોલ ખાતે આયુર્વેદ હોસ્પિટલના મકાન અને જમીન અંગે પ્રશ્ન કર્યા જેના સંબંધીત અધિકારીઓએ જવાબ રજુ કર્યા હતા.

ઈડર ધારાસભ્યશ્રી રમણલાલ વોરાએ આ બેઠકમાં ઈડર સ્ટેટ હાઈવે, ગ્રામ્ય અને સ્ટેટ હાઈવે પર જંગલ કટીંગ્સ , નલ સે જલ યોજના, ભાદરવી પુનમના વિસામા માટે સરકારશ્રી દ્વારા ફાળવેલ જગ્યાઓ પર દબાણ દૂર કરવા સહિતના પ્રશ્નો રજૂ કર્યા હતા.

બેઠકના બીજા ભાગમાં સરકારી કચેરીઓના આંતરિક પ્રશ્નો, નિવૃત્ત થતા કર્મચારીઓના પેન્શન કેસોનો સમયસર નિકાલ કરવા અંગે સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી રીનાબેન પટેલ , જિલ્લા વિકાસ અધિકારી શ્રી એચ. પી. પટેલ, જિલ્લા પોલીસ વડા શ્રી ડૉ.પાર્થરાજ સિંહ ગોહિલ, નિવાસી અધિક કલેક્ટર સુશ્રી કિષ્ના વાઘેલા, પ્રાયોજના વહીવટદાર શ્રી વિશાલ સક્સેના, ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રી પાટીદાર, પ્રાંત અધિકારીશ્રીઓ સહિત જિલ્લાના તમામ અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. •